જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૩/૨૦૧૭ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૦૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૧ કેસ કરી, ૭૯ વ્યક્તિઓને ઝડપી, ૨૪૪ લીટર દેશી દારૂ, ૬૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૪૦ બીયર ટીન, ૧ સ્કૂટર અને ૩ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી ૩૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૯૭,૪૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૫૦૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૫૦૮/૧૭

**સેટેલાઈટઃ**ચિંતન કાતિલાલ પ્રજાપતિ(રહે.પ્રેરણા બંગલોઝ પ્રેટ્રોલપંપની સામે સરસપુર)એ તા.૧૦/૩/૧૭ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જાન્યુઆરી ૨૦૧૭ થી આજદિન સુધીના સમયગાળા દરમયાન આરોપી (૧) વિવેક સુભાષભાઇ શાહ તથા તેઓના પત્ની (૨) નિયતિ વિવેક શાહ (બન્ને રહે. નંદનવન નિશાંત બંગલોઝ બિલેશ્ર્વર મહાદેવ પાસે સેટેલાઇટ) એ.બી.જવેલર્સ નામના શોરૂમ ખાતેથી હિપોલીન કંપનીના ડાયરેકટર હોવાનુ જણાવી સોનાની ગીનીઓ કિમત રૂપિયા ૩,૯૭,૮૦૦/- તેમજ સાહેદના ઝવેરી એન્ડ કંપનીના શોરૂમ માંથી સોનાની લગડી કિમત રૂપિયા ૨,૪૪,૦૦૦/- મતાની ખરીદી કરી નાણા નહી ચુકવી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.યુ.મશી ચલાવે છે.

**કાલુપુરઃ** હડમતસિંહ મોતિસિંગ રાજપુત (રહે. સીગ્મા નેક્ષ્ટ,સર્વોત્તમનગર સોસાયટીની નજીક ભુત બંગ્લા સાબરમતી) એ તા.૧૦/૩/૧૭ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૬/૨૦૧૪ થી તા.૨૮/૧૧/૨૦૧૪ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) જગદીશભાઇ માલી (રહે. બેંગ્લોર) (૨) કમલા ભવરલાલ ચૌધરી (૩) ભંવરલાલ હિરાલાલ ચૌધરી (બન્ને રહે.અનુષ્કા ફેશન અનસુયા પાર્ક રક્ષકનગર ફેઝ-૧ ગલી નં-૩ ખરડી રોડ પુના મહારાષ્ટ્ર) અને (૪) હિરાલાલ ચૌધરી (રહે. સેલવાસ મારવાડ જંકશન અજમેરી ફાટક મારવાડ જંકશન જી.પાલી રાજસ્થાન) એ કાલુપુર શ્રી રામ માર્કેટ ત્રીજો માળ દુકાન નં-૩૧૧ કુંવર ટેક્ષટાઇલ એજન્સી નામની દુકાનમાંથી કાપડનો માલ કિંમત રૂપિયા ૧૮,૫૩,૯૯૫/- ઉધાર ખરીદી કરી નાણા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી રોહીતસિંહ લક્ષ્મણસિંહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૫૦૯/૧૭</u>**

ચાંદખેડાઃ કુસુમબહેન નરેશભાઇ પટેલ (ઉ.વ.૪૨) (રહે. સુર્યાશં વેદશ બંગ્લોઝ પાશ્વનાથ મેટ્રોસીટીની બાજુમા ચાંદખેડા) તા.૭/૩/૧૭ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે ચાંદખેડા સરીતા ગ્રીન પાર્ટી પ્લોટ નજીકથી ચાલતા પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ પર આવેલ બે પુરૂષ કુસુમબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કુસુમબહેન પટેલે તા.૧૦/૩/૧૭ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.દવે ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૧૦/૧૭</u>**

**જે ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ (૧)** જવાનજી ગુલાબજી ઠાકોર (રહે. વિશ્વકુંજ સોસાયટી સામે છાપરામાં વિંઝોલ રોડ વટવા) એ તા.૧૧/૩/૧૭ નારોજ જે ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૩/૧૭ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે વટવા રોપડા ચાર રસ્તા રીંગ રોડ નજીકથી જવાનજી નો પુત્ર સુરેશભાઈ (ઉ.વ.૨૦) સ્કુટી ચલાવી પસાર થઈ રહ્યો હતો ત્યારે અજાણ્યા વાહન ચાલકે સ્કુટીને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.વી.જાડેજા ચલાવે છે.

**(૨)** હિતેશભાઈ જગદીશભાઈ પ્રજાપતિ (ઉ.વ.૨૩)(રહે.ચંચલબાગ સોસાયટી કંકુબા સ્કૂલની બાજુમાં વિશાલનગર ઈસનપુર) કે તા.૪/૩/૧૭ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે ઘનશ્યામભાઈ રામસુખ વિશાદના મોટર સાયકલ પાછળ બેસી ઈસનપુર ભૈરવનાથ રોડ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ઘનશ્યામભાઈએ મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવતા મોટર સાયકલ ગાય સાથે અથડાતા હિતેશભાઈ ફંગોળાઈ જતા ગંભીર ઈજાઓ થઈ હતી. સારવાર માટે હોપ ન્યુરોકેર હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૩/૧૭ કલાક ૬/૪૫ તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર હિતેશભાઈના ભાઈ નરેશકુમાર પ્રજાપતિએ તા.૧૧/૩/૧૭ નારોજ જે ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.વી.જાડેજા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૫૧૧/૧૭</u>**

અમરાઇવાડીઃ હરીશભાઈ છગનભાઈ ચોહાણ (ઉ.વ.૩૫) (રહે. જોગમાયાનગર અમરાઇવાડી) એ બિમારીથી કંટાળી તા.૯/૩/૧૭ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે જંતુ મારવાની દવા ખાઈ લીધી હતી. સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નટવરસિહ અરજણસિહ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)